ખાંસે છે વૃદ્ધ ફાધર એ ઓરડો જુદો છે,
બેસે છે ઘરના મેમ્બર એ ઓરડો જુદો છે.

એકેક શ્વાસ જાણે ચાલી રહ્યા પરાણે,
ઘરમાં છતાંય બેઘર એ ઓરડો જુદો છે.

મહેમાન કોઈ આવે વાતો જૂની સુણાવે,
લાગે કદીક પળભર એ ઓરડો જુદો છે.

ઘરમાં જૂનું જે થાતું બદલાઈ તરત જાતું,
બદલાય ના તસુભર એ ઓરડો જુદો છે.

મૃત્યુ પછી પિતાના ખર્ચો કરી સજાવ્યો,
લાવ્યા ખરીદી ઈશ્વર એ ઓરડો જુદો છે.

◆

કૈંક રંગોમાં ઓગળે માણસ,
તો ય કોરો જ નીકળે માણસ.

સાંજના સૂર્ય થઈ ઢળે માણસ,
રાતભર કોડિયે બળે માણસ.

બહાર-ભીતર અવાજ ને ટોળાં,
કેટલું કોનું સાંભળે માણસ?

મેળ મનનો મળ્યો નહીં તનથી,
આગ-પાણીને સાંકળે માણસ.

ડરનો માર્યો જ ક્યાંય ના ઊઘડે,
ડરનો માર્યો હળેભળે માણસ.

જેટલાં દુઃખ છે એટલા મંદિર,
ક્યાંકથી કોક દી વળે માણસ.

રોજ જમતાં જુએ સમાચારો,
કરડે મચ્છર તો ખળભળે માણસ.

જિંદગી પ્રેમથી વીતે 'મિસ્કીન',
પેટ પૂરતું જ જો રળે માણસ

◆

સઘળા દુઃખનું કારણ મન છે,
સુખનું સરનામું પણ મન છે.

સઘળી આવણ-જાવણ મન છે,
દીવાનગી ને ડહાપણ મન છે.

સ્વયમ્ ધૂળ ને રજકણ મન છે,
થર બાઝેલું દર્પણ મન છે,

જીવન તો ખળખળ ઝરણાં સમ,
આ વિઘ્નો આ અડચણ મન છે.

શું સાધુ કે શું સંસારી?
મૂળ બેઉનું કારણ મન છે.

બાંધે, જોડે - તોડે હરપળ,
સૌ સાથેનું સગપણ મન છે.

એ જ ઉઘાડે સકળ રહસ્યો,
અને સત્યનું ઢાંકણ મન છે.

આભ બની જઈ ઘડીક ટહુકે,
બીજી જ પળમાં ગોફણ મન છે.

શબ્દ - મૌન, મુક્તિ કે બંધન,
આ પણ મન છે, એ પણ મન છે.

◆

જોર જેનું હતું પ્રાણને - પ્રેમને,
લાગણીના એ વિશ્વાસમાં તડ પડી.
કાચના કોઈ વાસણ સમા સાચવ્યા,
તોય લાગી નજર શ્વાસમાં તડ પડી.

આંખ ફૂટી ગઈ હોત સારું હતું,
કૈં જ જોવું પડત ના જતી ઉંમરે.
ભાગ્ય ફૂટી ગયું કૈં બીજું ના થયું,
માત્ર મારા જ અજવાસમાં તડ પડી.

કોઈ ઘટના વિશે પાંચ જણને પૂછો,
પાંચમી વ્યક્તિએ વાત જુદી હશે.
આમ લખતા ગયા જેવું સમજ્યા હતા,
આમ ને આમ ઇતિહાસમાં તડ પડી.

આકરા તાપ પડતા રહ્યા હરવખત,
કઈ હદે કેટલું બહાર - ભીતર તપ્યા?
પહેલવ્હેલા થયા મેઘના છાંટણા,
એ પળે પ્રાણની પ્યાસમાં તડ પડી.

◆

તમામ ઝાકઝમાળો તમામ સ્તરનું સુખ,
બધું જ છેવટે લાગે ઉપર - ઉપરનું સુખ.

કોઈની હૂંફ અને હાજરી જરૂરી છે,
ફક્ત આ ચાર દીવાલો જ નથી ઘરનું સુખ.

બની શકે તો એ વસમા દહાડા પાછા દે,
ઘણું જ કપરું છે ભોગવવું મન વગરનું સુખ.

નજીક એટલાં આવ્યાં કે ગઈ નિકટતા પણ,
નથી જ દૂર કે પામું ખુશી - ખબરનું સુખ.

....હું ખંડિયેર મહેલનો છું ઉંબરો 'મિસ્કીન',
નથી નથી જ ભાગ્યમાં અવરજવરનું સુખ.

◆

ના રહ્યું ખેંચાણ કૈં આ પાર કે ઓ પારનું,
હું જ છું મારું કમળ મારા જ આ સંસારનું.

દોસ્ત! આ દુનિયા વિશે સૌ જે કહે, જે કૈં કહે,
રૂપ સૌ જોતા રહે છે જાતના હુંકારનું.

એ પછી... જે સાચવે છે એ જ નિરાકાર છે,
તું ભલે શરણું લઈ લે કોઈ પણ આકારનું.

લાગશે આખ્ખું જગત જન્મોથી જોડાયું સહજ,
સૂત્ર મનમાં રાખ એક જ સર્વના સ્વીકારનું.

કેમ ખોલીને ન જોયું? જાત પર હસતો રહ્યો...
બારણું એક જ હતું 'મિસ્કીન' અંદર - બહારનું

◆

એક્કે ન ભાવ સાચો? જુઠ્ઠી જબાન જેવું,
લાગે છે કેમ તારું મંદિર દુકાન જેવું?

એકજ પરિસ્થિતિ છે અંદર બહાર મિત્રો,
હું સાચવી શક્યો છું તેથી સ્વમાન જેવું.

જ્ઞાની બધા તબીબો ને દર્દ પણ હઠીલું,
લાગ્યું છે હર અખતરે સાચા નિદાન જેવું.

લીધું ન હોત સારું દીધું ન હોત સારું,
અકળાવતું રહ્યું છે હમ્મેશ દાન જેવું.

કાયમ નદી બનીને ખળખળ જીવન વહ્યું છે,
કાયમ નદીકિનારે જોયું સ્મશાન જેવું.

દેખાય આંખ સામે પાસે નહીં જરાયે,
સુખ પણ મળ્યું છે 'મિસ્કીન' આ આસમાન જેવું.

◆

હવે આ લાભ-શુભ ને શ્રી સવાનો થાક લાગે છે,
સતત આ ચોપડા ચીતરે જવાનો થાક લાગે છે.

હવાની જેમ હળવાફૂલ હોવાનો ન દાવો કર,
બને છે શ્વાસ, ત્યારે એ હવાનો થાક લાગે છે.

તબીબોના નહીં સંતોના શબ્દો કામ કરવાના,
અગર દર્દી કહી દે કે દવાનો થાક લાગે છે.

જૂના સૌ બોજને વેંઢારવાનું જ્યાં પડે કોઠે,
ફરી ત્યાં કાળજે અવસર નવાનો થાક લાગે છે.

બધું ભોગવતો - કરતો પણ થતું જોનાર છું કેવળ,
કહે મન ક્યાં જશુ ? જ્યાં-ત્યાં જવાનો થાક લાગે છે.

તને જે થાય ઇચ્છા તે જ બીબે ઢાળજે કિંતુ,
ખરું કહી દઉં હવે કૈં પણ થવાનો થાક લાગે છે.

◆

ક્યાંકથી આવે છે સઘળું ક્યાંક ચાલ્યું જાય છે,
એ જ જળ, ઝરણું-નદી-વાદળ થતું દેખાય છે.

એક વેળા શાંત બેસીને વિચારી જોઈ જો,
કેટલું શું શું બનીને જિંદગી જીવાય છે.

કેટલા દેશો અને રસ્તા અને ક્યાં ક્યાં ફરું?
શોધતું આ કોણ? કોને? કોણ ઠોકર ખાય છે?

હું હતો એ તો બિચારો બાપડો ડૂબી ગયો,
આ તરે છે, તે તરાવે છે મને સમજાય છે.

જીવવું 'મિસ્કીન' મળ્યું આ વીરડા જેવું મને,
ચોતરફ સઘળું સુકાયું છે, છતાં છલકાય છે.

◆

જઉં છું ભળી છતાંય મળું છું અલગ મને,
આવો વળી ત્હેં કેવો કર્યો છે સજગ મને?

ઝડપાઈ જાય ઊંઘતું વાતાવરણ બધું,
પાળીને વચન કોક દી એવુંય ઠગ મને.

આનંદમય રહો તો પછી દુઃખનું શું ગજું?
પકડાઈ ગઈ છે, દોસ્ત અકળમનની રગ મને.

આ કોણ કાળજેથી ઝરણ થઈ અલગ થતું?
જોતો ઊભો છું પ્હાડની માફક અડગ મને.

અળખામણું કશું ક્યાં? બધું ચાહવું રહ્યું,
મ્હારો જ અંશ લાગતું આખુંય જગ મને.

◆

યાદ જ્યારે પણ એ મોટાં નામ આવ્યાં,
કાળજે ઊપસી અચાનક ડામ આવ્યા.

પ્હોંચવું સ્હેલું હતું પણ ખૂબ ભટક્યા,
માર્ગમાં લત્તા ઘણા બદનામ આવ્યા.

એ જ કામગરા ખરા લાગ્યા હમેશાં,
એકબીજાને અહીં જે કામ આવ્યા.

દોસ્ત! ચંપાબાઈ પાકીઝા ગજબની,
કૈંક રાધેશ્યામ, સીતારામ આવ્યા.

નીકળ્યા'તા શહેર ઊંચકી જાતરાએ,
શહેરમાં ઊંચકીને ચારે ધામ આવ્યા.

ધર્મ પૂરતા હા હતા મતભેદ 'મિસ્કીન'
દોડતા સૌ ચૂમવાને જામ આવ્યા.

◆

થીજતી ગઈ સર્વભાષા અક્ષરે અક્ષર બરફ,
એમ ફૂંકાયો પવન કે બ્હાર ને અંદર બરફ.

કૈંક સદીઓથી સમયના થર ઉપર થર જામતા,
પીગળે થોડુંક... બાકી સર્વનું જીવતર બરફ.

તું હવે પ્રગટાવ શ્રદ્ધા હૂંફ - અજવાળું મળે,
રાત અંધારી અને માણસ બરફ - ઈશ્વર બરફ.

ગ્રંથ વાંચો કે પછી વ્યાખ્યાન કોઈ સાંભળો,
ધર્મસ્થળ-સંસદ-સ્કૂલો બધ્ધે જ થર પર થર બરફ.

ચીતરેલો સૂર્ય લાગે, ચીતરેલાં તાપણાં.
એ હદે ને એટલો ચોમેર કૈં નક્કર બરફ.

એક બાળક નીકળ્યું કાગળની હોડી લઈ સહજ,
ઘર-નદી-દરિયો અને જ્યાં શ્રાવણી ઝરમર બરફ.

કોઈ તોડો કોઈ પણ રીતે... કે ખળખળવું બને,
જાતમાં ને એકબીજામાં ય આ અંતર બરફ.

સંતજી મારીને આંટો શહેરમાં ચાલ્યા ગયા,
ભક્તજનની ઔર પાછી થૈ ગઈ નીંદર બરફ.

છે બરફનું શહેર 'મિસ્કીન'ને બરફનું મન છતાં,
શોધવાને નીકળે છે ગૌતમી ઘરઘર બરફ.

◆

મળી સામસામે મરકવું વ્યવસ્થા,
શિખર પર ધજાનું ફરકવું વ્યવસ્થા.

ઠસોઠસ નિયમથી ઊછળતો આ દરિયો,
સતત માછલાનું સરકવું વ્યવસ્થા,

ફરી એની એ એકતાની જ વાતો,
અટક પાસે અટકી હરખવું વ્યવસ્થા.

હવાનું અડકવું સહજ ડાળખીને,
અને હાથ અડતાં બટકવું વ્યવસ્થા.

કવાયત કરે કાનમાં શ્હેર આખું,
અને વચ્ચે વચ્ચે ધડકવું વ્યવસ્થા.

◆

બાહર - ભીતર જગત જુદું છે અને નયન બન્નેને જોડે,
દેહ આત્મા બન્ને નોખા છતાંય મન બન્નેને જોડે.

એમ સ્મરણ કૈં ધબક્યા કરતું, મિલન-વિરહના વચગાળામાં,
જેમ જન્મ ને મૃત્યુ જુદા અને જીવન બન્નેને જોડે.

સ્થૂળ-સૂક્ષ્મ, શાશ્વત-ક્ષણભંગુર, પ્રગટ-અપ્રગટ, જડ ને ચેતન,
અક્ષર-શબ્દો-અર્થ અનુપમ આમ કવન બન્નેને જોડે.

અભણ-ભણેલા, ગોરા-કાળા, ઊંચા-નીચા, સજ્જન-દુર્જન,
પોકારે ઈશ્વરને દિલથી અને ભજન બન્નેને જોડે.

ક્યાંક ખીણમાં હવસ ભટકતી, ભક્તિ ઊંચાં શિખરો ચડતી,
બેઉ ઉર્ધ્વગામી થઈ જાતી પ્રેમ-અગન બન્નેને જોડે.

એ જ દેહ કહેવાય લાશ, ને એ જ સ્વજન પૂર્વજ થૈ જાતા,
જવાય જાગી અંદરથી તો, નજર નયન બન્નેને જોડે.

◆

હું મને આ કેવો સમજાતો ગયો?
એકલો ચૂપચાપ હિજરાતો ગયો.

બંધ આંખે એમ દેખાતો ગયો,
ગૂંચની જેમ જ ઉકેલાતો ગયો.

જ્યારથી આ આવડ્યું છે ઊડતાં,
રોજ પંખી જેમ પકડાતો ગયો.

મન હતું મારું કોઈનું થૈ ગયું,
લાખ દુઃખ વચ્ચેય મલકાતો ગયો.

એકથી મીંડા સુધીની આ સફર,
ઘૂટતું'તું કોણ? ઘૂંટાતો ગયો.

જાણતો'તો હુંય ક્યાં? પૂરો મને,
હરવખત નોખો જ પરખાતો ગયો.

ખેલ કેવળ ખેલ જ્યાં લાગ્યો બધે,
હરપળે 'મિસ્કીન' હરખાતો ગયો

◆